58

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા અને
વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની
અનુદાનિત આશ્રમશાળાના કર્મચારીઓને
નિયમિત પગાર/પેન્શન/નિવૃત્તિના લાભો
આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ૦૨/૧૧/૨૦૧૫

1913

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૪/૬/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૪/૬/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ ક્રમાંકઃઅમશ/૧૦૧૫/૨૯૬૧૭૮/ગ.

(૩) નામદાર હાઇકોર્ટની એલ.પી.એ.નં. ૩૩૨/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૧૪ વીથ અલ.પી.એ. નં. ૫૧૬/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં. ૧૧૬૫૧/૨૦૦૪ વીથ એલ.પી.એ. નં. ૬૩૬/૨૦૦૭ ઇન એસ.સી.એ. નં.૧૩૭૪૬/૨૦૦૫ વીથ એલ.પી.એ. નં. ૨૫૯૯/૨૦૦૯ નો તા. ૨૨/૪/૨૦૧૪ નો હુકમ તથા તા. ૨૩/૦૬/૨૦૧૪ નો હુકમ.

(૪) નામદાર સુપ્રિમકોર્ટનો એસ.એલ.પી. ક્રમાંકઃ૧૬૮ થી ૧૭૧/૨૦૧૫ નો તા.૧૨/૦૧/૨૦૧૫ નો હુકમ

(૫) નામ. હાઇકોર્ટનો એમ.સી.એ.(ફોર કન્ટેમ્પટ) નં. ૧૦૬૬/૨૦૧૫ ઇન એલ.પી.એ. નં.૩૩૨/ ૨૦૦૭ ઇન એસ.સી.એ.નં.૧૧૬૫૧/૨૦૦૪નો તા. ૦૪/૦૮/૨૦૧૫ નો હુકમ

(૬) શિક્ષણ વિભાગનો તા. ૦૬/૦૪/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃખપશ/૧૧૦૧/સીસી ૩૨૪/ચ

(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૪/૯/૨૦૧૫ નો પરિપત્ર ક્રમાંકઃ અમશ/૨૦૧૫/ એમસીએ.૧૫/ધ.

પરિપત્રઃ-

રાજ્યમાં ચાલતી ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ, ગ્રેજ્યુઇટી તથા અન્ય નિવૃત્તિના લાભો આપવા અંગે ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ ધ્વારા નામ. હાઇકોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૧૬૫૧/૨૦૦૪, LPA-૩૩૨/૨૦૦૭, MCA ( For Contempt) ૧૦૬૬/૨૦૧૫ દાખલ કરવામાં આવેલ હતી. તેના ચુકાદામાં નામ. ગુજરાત હાઇકોર્ટે અનુદાન મેળવતી આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-

શૈક્ષણિક કર્મચારીઓને ઉપર્યુકત કોર્ટ કેસના તા. ૨૨/૦૪/૨૦૧૪, તા. ૨૩/૦૬/૨૦૧૪ અને તા. ૦૪/૦૮/૨૦૧૫ ના હુકમથી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ ચલાવવામાં આવતી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને જે લાભો જે તારીખથી મળે છે તે મુજબ એટલે કે તા. ૧/૧/૧૯૯૭ થી અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પણ આ પ્રકારના લાભો ચુકવવા આદેશ કરેલ છે. તે અન્વયે આ વિભાગના તા. ૨૪/૦૬/૨૦૧૫ થી ઠરાવ કરવામાં આવેલ છે.સદર ઠરાવની જોગવાઇ નં. ૧૧ મુજબ આ યોજનાના અમલીકરણ બાબતે વિભાગ ધ્વારા અલગ માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે સબંધમાં માર્ગદર્શક સૂચનાઓ નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

૧ નામ. વડી અદાલતના તા. ૨૨/૪/૨૦૧૪ ના ચુકાદામાં નિયમિત પગાર સહિત ઉચ્ચતર પગાર ધોરણ અને નિવૃત્તિના લાભો માટે આદેશ થયેલ હોવાથી તા. ૨૪/૬/૨૦૧૫ ના ઠરાવ અંતર્ગત નિયમિત પગાર, ઉચ્ચતર પગાર અને નિવૃત્તિના લાભો મળવાપાત્ર છે. તે બાબતની પુનઃ સ્પષ્ટતા કરવામાં આવે છે. જેથી અમલકર્તા કચેરીઓ મુઝવણ ભરી પરિસ્થિતિમાં ન મૂકાય.

૨ રાજયની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ધ્વારા નિયામકશ્રી, અનુસૂચિજાતિ કલ્યાણ ખાતાં અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને આ લાભ તા.૦૧/૦૧/૧૯૯૭ થી મળવાપાત્ર થશે.

૩ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ અને તે અંતર્ગત વખતો વખત અમલમાં હોય તે નિયમો/ જોગવાઇઓ અને સુધારા અન્વયે પેન્શનનો લાભ મળવાપાત્ર થશે. હાલમાં પેન્શન યોજના સરકારશ્રીએ બંધ કરી નાણાં વિભાગના તા. ૨૧/૩/૨૦૦૫ ના પરિપત્ર ક્રમાંકઃનપન/૨003/જીઓઆઇ-૧૦/પી થી નવી વર્ધિત પેન્શન યોજના શરૂ કરેલ છે. જેનો લાગુ પડતા કેસમાં અમલ કરવાનો રહેશે.

૪ આ યોજનાનાં અમલીકરણ માટે આશ્રમશાળાનાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને પેન્શનપાત્ર ગણવા માટે વંચાણ (૧) અને (૨) તા. ૨૪/૬/૨૦૧૫ ના ઠરાવના મુદ્દા નં. (૩)(ફકરા-૩) નીચે દર્શાવેલ પેટા બાબતો (૧) થી (૬) માં દર્શાવેલ વિગતો મુજબની ખરાઇ કર્યા બાદ જ પગાર તથા એરીયર્સની ચુકવણી કરવાની રહેશે.

૫ આશ્રમશાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની સદર એરીયર્સની ચુકવણી કોર બેંકીંગ પધ્ધતિથી એટલે કે કર્મચારીના બેંક ખાતામાં સીધા જ જમા થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૬ રાજયની આશ્રમશાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને તા. ૦૧/૦૧/૧૯૯૭થી ગ્રાન્ટ ઇન એઇડ કોડ હેઠળ નિયત થયેલ શિસ્ત અને અપીલ નિયમો લાગુ પડશે.

૭ શિક્ષણ વિભાગના સંદર્ભ (૬) ના ઠરાવ મુજબ શૈક્ષણિક કર્મચારીઓને ૦૧/૦૧/૧૯૯૭થી

SP

લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેથી તા. ૦૧/૦૧/૧૯૯૭ પહેલાં નિવૃત્ત થયેલ શૈક્ષણિક કર્મચારીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જેઓ, તા. ૦૧/૦૧/૧૯૯૭ ના રોજ નોકરીમાં ફરજ પર હોય તેમની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર ગણાશે.

૮ અનુદાનિત આશ્રમશાળાઓના પૂર્ણ સમયના બિનશૈક્ષણિક કર્મચારીઓનેતા.૦૧/૦૧/૧૯૯૭ થી લાભ મળવાપાત્ર થશે. તા. ૦૧/૦૧/૧૯૯૭ પહેલાં નિવૃત્ત થયેલ કર્મચારીને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જેઓ, તા. ૦૧/૦૧/૧૯૯૭ના રોજ નોકરીમાં ફરજ પર હોય તેમની અગાઉની સેવાઓ પેન્શનપાત્ર ગણાશે.

૯ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આશ્રમશાળાઓમાં હવે પછી કોઇ પણ સ્વૈચ્છિક સંસ્થા(NGO) કોઇ પણ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા હાથ ધરી શકશે નહીં.

૧૦ આ આશ્રમશાળાઓમાં પસંદગી સમિતિમાં સ્વૈચ્છિક સંસ્થા (NGO) ના કોઇ પણ સભ્યને પ્રતિનિધિત્વ આપવાનું રહેશે નહીં.

૧૧ શિક્ષણ વિભાગ ધ્વારા તેઓનાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ માટે જે ધોરણ (Norms) આધારિત ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તે ધોરણ (Norms) નો આશ્રમશાળાઓમાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી સમયે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૨ અનુદાનિત આશ્રમશાળાઓમાં વિદ્યા સહાયકોની ભરતી અંગે આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩/૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૨૦૦૬/૧૨૧૭/ધ થી નિયત કરેલ જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જયારે બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાઓ આઉટ સોર્સિંગ એજન્સી મારફત કરાર આધારિત સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃમકમ/૨૦૦૪/૨૫૩૯/ખ.૩ અને ત્યાર પછીના વખતો વખતના સુધારાની જોગવાઇ મુજબ મેળવવાની રહેશે.

૧૩ આશ્રમશાળાઓમાં ભરતી બાબતે નામ. હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસસીએ./ ૧૦૮૨૬/૨૦૦૩ ના આખરી ચુકાદાને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

૧૪ સદર માર્ગદર્શક સૂચનાઓના અમલીકરણની કામગીરી માટે જે તે જિલ્લાના જિલ્લા નાયબ નિયામક (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)/ જિલ્લા નાયબ (અનુસૂચિત જાતિ કલ્યાણ), લોકલ ફંડ ઓડિટ અને જિલ્લા તિજોરી અધિકારીશ્રી રહેશે.

૧૫ આ પરિપત્રની સૂચનાંઓ આશ્રમશાળાંનાં સંચાલકશ્રી/ આચાર્યશ્રી અને કર્મચારીઓને પુરતી જાણકારી મળી રહે તે માટે નિયામકશ્રીઓએ વડી કચેરીએથી તેમજ સંબંધિત જિલ્લા કક્ષાએથી પણ તાત્કાલિક પરિપત્રિત થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૬ આ યોજનાના અમલીકરણ માટે સરકારશ્રીના પેન્શન અંગેના નિયત ચેકલીસ્ટ પ્રમાણે ચકાસણી કરી કાર્યવાહી કરવાની રહેશે. તેમજ વધુમાં આ સાથેના પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ ચેકલીસ્ટના મુદ્દાઓ પણ ચકાસવાના રહેશે.

૧૭ આ બાબતે થયેલ કાર્યવાહીનો અહેવાલ જિલ્લા અધિકારીઓએ વખતોવખત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને રજુ કરવાનો રહેશે.

૧૮ આ અંગેના આમુખમાં દર્શાવેલ અગાઉના તા. ૨૪/૬/૨૦૧૫ ના ઠરાવો અને આ માર્ગદર્શક સૂચનાઓના સરળ અમલ માટે કોઇ મુશ્કેલીઓ ઉભી થાય તો સબંધિત નિયામકશ્રીઓએ નિયમોની મર્યાદામાં તે અંગે જિલ્લા કક્ષાએ માર્ગદર્શન આપવાનું રહેશે. જરૂર જણાયે નિયામકશ્રીઓએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. જી. વણઝારા )

અધિક સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

બિડાણ: પરિશિષ્ટ-૧

<u>નકલ રવાના:-</u>

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)/માન.રા.ક.મંત્રીશ્રી( સા.શૈ.પ.વ. ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(અ.જા.ક.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા)(નિયામકશ્રી(વિ.જા) મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

SP

પરિશિષ્ટ-૧

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૪/૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૯૦/અ.૧ મુજબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતુ, અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત આશ્રમશાળાના કર્મચારીઓને પેન્શન/નિવૃત્તિના લાભો આપવા બાબતનું ચેકલીસ્ટ

| અનુ.નં. | વિગત | જવાબ |
|---|---|---|
| ૧. | શૈક્ષણિક કર્મચારીની ભરતી જે તે સમયે પ્રવર્તમાન ભરતી નિયમો અન્વયે નિયમિત રીતે કરવામાં આવેલ છે કે કેમ ? | હા/ના |
| ૨. | શૈક્ષણિક કર્મચારીની ભરતી માટે સરકારશ્રીના જે તે સમયના પ્રવર્તમાન ઠરાવ/પરિપત્ર/માર્ગદર્શક સૂચનાની જોગવાઇઓનો અમલ કરવામાં આવેલ છે કે કેમ।? | હા/ના |
| ૩ | ભરતી માટે યોગ્ય પ્રસિધ્ધિ ધરાવતા દૈનિકપત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે કે કેમ ? | હા/ના |
| ૪. | ઉમેદવારોનું ઇન્ટરવ્યુ પસંદગી સમિતિ ધ્વારા લેવામાં આવેલ છે કે કેમ ? | હા/ના |
| ૫ | ઉમેદવારો જાહેરાત મુજબ શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા કે કેમ ? | હા/ના |
| ૬ | ઉમેદવારોની નિમણૂંક માટે બહાલી મેળવવામાં આવેલ છે કે કેમ ? | હા/ના |
| ૭. | ઉમેદવારો તા. ૦૧/૦૧/૧૯૯૭ ના રોજ નોકરીમાં ચાલુ હોય તેઓ CCC/CCC+/ ભાષા કૌશલ્યની લાયકાત ધરાવે છે કે કેમ ? | હા/ના |
| ૮ | શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી સામે કોર્ટકેસ ચાલુ/પડતર કે સૂચિત છે કે કેમ? જો હા તો તેની અદ્યતન વિગતો રજૂ કરવાની રહેશે. | હા/ના |
| ૯ | શૈક્ષણિક /બિનશૈક્ષણિક કર્મચારીનો પગાર જ્યાં જમા કરવામાં આવે છે તે બેંકનું નામ અને અરજદારનો એકાઉન્ટ નંબર અચૂક દર્શાવવો. | હા/ના |

સ્થળ:-

તારીખ:-

સક્ષમ અધિકારીશ્રીની સહી.